**Criminal Case No. 70038 / 2018**

**આંક–૧ હેઠળ હુકમ :**

---

૧. હાલની ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ ના ગુન્હા સબબ કરેલ છે.

૨. આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ જતાં, ફરીયાદી તરફે વીથડ્રોઅલ પુરસીસ રજૂ કરી રજૂઆત કરવામાં આવેલ છે કે, ફરિયાદી હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી. ફરીયાદીની પુરસીસ કેસના રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. ફરિયાદીની પુરશીશ વંચાણે લેતાં, ફરિયાદી હાલની ફરિયાદ પરત ખેંચવા માંગે છે તે સ્પષ્ટપણે ફલિત થાય છે.

૩. કેસની હકીકતો તેમજ આરોપી સામે આક્ષેપિત ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં, અત્રેની અદાલતને ફરીયાદીને હાલની ફરીયાદ પરત ખેંચવાની પરવાનગી આપવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. પરિણામે, ફરિયાદીને હાલની ફરીયાદ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. સદરહું ફરીયાદ વીથડ્રોઅલથી ફેંસલ ગણવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબના ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી સામે જો કોઈ પ્રોસેસ કાઢવામાં આવેલ હોય અને બજીને પરત આવેલ ન હોય તો, સદર પ્રોસેસ પરત મંગાવવા સંબંધિત પોલીસ સ્ટેશન તરફ જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૧૪–૧૨–૨૦૧૯
( નેશનલ લોક અદાલત)

**(રાજેન્દ્ર એચ. પ્રજાપતિ)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
(નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૨)
અમદાવાદ (જીજે–૦૦૮૮૯)